RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૫૨ તા.૬–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સી.જી.પરમાર
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મ. શહેર વિકાસ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.જી.પરમારની તા. ૨૩–૧૧–૧૧ની અરજીથી ફા.પ્લોટ નં.૩૫, બ્લોક નં.૧૦૪/પી, ટી.પી.નં.૬૯, ગોડાદરા–ડીંડોલી,''શીવાલીક સ્કવેર''ના બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સરનામાવાળી મિલ્કત રીઝર્વેશનમાં હતી કે કેમ ? જો હા તો રીઝર્વેશન કઈ તારીખે હટાવવામાં આવ્યું ? ઠરાવની નકલ આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૨/૨૦૧૧–૧૨

શ્રી સી.જી.પરમારની તા. ૨૩–૧૧–૧૧ની અરજીથી ફા.પ્લોટ નં.૩૫, બ્લોક નં.૧૦૪/પી, ટી.પી.નં.૬૯, ગોડાદરા–ડીંડોલી,''શીવાલીક સ્કવેર''ના બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સરનામાવાળી મિલ્કત રીઝર્વેશનમાં હતી કે કેમ ? જો હા તો રીઝર્વેશન કઈ તારીખે હટાવવામાં આવ્યું ? ઠરાવની નકલ આપવી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતિ આપવા બાબતે કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૪ તા.૧૯–૧–૧૨ તથા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૮૧ તા.૬–૨–૧૨ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મ. શહેર વિકાસ,ટીપી) તથા ડે.કમિ. (પીએન્ડડી) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટીપીડી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૫૭૫ તા.૯–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અપીલ અન્વયે પક્ષ રજૂ કરતો અત્રે મોકલેલ અને અરજદારને પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૫૭૫ તા.૯–૨–૧૨ ના પત્રની નકલ , ફોર્મ–૬ એ પ્રોગ્રેસીવ સર્ટીફીકેટની નકલ, ફોર્મ–૬ બી પ્રોગ્રેસીવ ફસ્ટ સ્ટોરીના સર્ટીફીકેટની નકલ, ટીડીઓ/૫૯ તા.૦૧–૦૨–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૧–૧૧ ની અરજીથી ફા.પ્લોટ નં.૩૫, બ્લોક નં.૧૦૪/પી, ટી.પી.નં.૬૯, ગોડાદરા–ડીંડોલી,''શીવાલીક સ્કવેર''ના બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) તરફથી તેમની અરજી શહેર વિકાસ કે ટાઉન પ્લાનીંગ વિભાગમાં તબદીલ થયેલ ન હોવાનું જણાવેલ છે. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં માહિતી નહીં મળ્યાનું જણાવી તા.૬–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૪ તા.૧૯–૧–૧૨ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ટીપી/આરટીઆઈ/૫૭૫ તા.૯–૨–૧૨ થી માહિતી આપવામાં આવેલ છે. તથા પત્ર નં.ટીડીઓ/૫૯ તા.૧–૨–૧૨ થી મુદ્દા નં.૧ થી ૬ નો પૂરક વિગતનો પત્રથી અત્રે માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) સદર મિલ્કત રીઝર્વેશનમાં હતી કે કેમ ? જો હા તો રીઝર્વેશન કઈ તારીખે હટાવવામાં આવ્યું ? ઠરાવની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર ડ્રાફટ ટીપી સ્કીમ નં.૬૯ ગોડાદરા –ડીંડોલી) અનુસાર મોજે ગોડાદરા બ્લોક નં.૧૦૪ પૈકી ફા.પ્લોટ નં.૩૫ વાળી મિલ્કત રીઝર્વેનમાં ન હતી

જેથી રીઝર્વેશન હટાવવા બાબતે તેમજ ઠરાવની નકલ આપવા બાબતે માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) એફ.એસ.આઈ અને પાર્કીગ કેટલું છોડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર વિગતો માહિતીની વ્યાખ્યામાં આવતી ન હોય માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સદર મિલ્કતમાં કરવામાં આવેલ બાંધકામમાં બીમ, કોલમ અને સ્લેબમાં અનુક્રમે કેટલા કેટલા એમ.એમ.ના સળીયા વાપરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર વિગતો માહિતીની ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૪) સદર મિલ્કતની પશ્ચિમે આવેલા રોડના સેન્ટરથી કેટલા ફુટ માર્જીન અને પાર્કીગ છોડવામાં આવેલ છે? તેમજ ઓવર ઓલ માર્જીન અને પાર્કીગ કેટલા ફુટ છોડેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર માહિતી મેળવવા અરજદારે શહેર વિકાસ ખાતામાંથી મંજુર પ્લાનની નકલો મેળવી લેવાની રહે છે. તેવું જણાવેલ. મુદ્દા નં.(૫) બાંધકામ પ્લાન મુજબ થઈ રહેલ છે કે પ્લાન વિરુધ્ધ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) આર્કી. ધ્વારા રજૂ કરેલ પ્રોગ્રેસ રીપોર્ટ ૬ (એ) તથા ૬ (બી) ની નકલો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં ઉકત નકલો અત્રે રજૂ કરેલ છે. તેવું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પક્ષ જોતાં મુદ્દા નં.૨ તથા ૪ થી ૫ પૈકીની માહિતી મુદ્દા નં.૬ ની રજૂ થયેલ વિગતો જોતાં દફતરે હોવાનું અનુમાનિત થાય તે માહિતી અરજદારને પૂરી પાડવાની થાય. અગર લાગત દફતરની તપાસણી પૂરી પાડવી રહે. મુદ્દા નં.૩ ની વિગતો અંગે જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર યોગ્ય હોઈ શકે.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૬–૧–૧૨ ધ્યાને લેતાં ૦૪–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૯–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ સિવાયની મુદ્દા નં.૨ તથા ૪ થી ૬ ની માહિતી અરજદારને પૂરી પડાયેલ ન હોઈ મુદ્દા નં.૬ ના રીપોર્ટ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા મુદ્દા નં.૨ અને ૪ થી ૫ અંગે લાગત દફતરની તપાસ ણી દિન–૭ માં કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) જાહેર માહિતી અધિકારી (મ.શહેર વિકાસ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સી.જી.પરમાર